# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-02-2025** **Evening: 7.50 TO 8.00**

**Day : FRIDAY** **National News**

**આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.**

*******************************************************

1) ભારતે 100 ગીગાવૉટ સ્થાપિત અને ઊર્જા ક્ષમતાને પાર કરીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી.
2) સરકારે સંસદમાં જણાવ્યું કે, 100 દિવસના ક્ષયમુક્ત ભારત અભિયાન દરમિયાન એક લાખ 59 હજારથી વધુ દર્દી મળ્યા.
3) મહાકુંભના ત્રેવણી સંગમમાં અત્યાર સુધી 40 કરોડથી વધુ શ્રદ્ધાળુએ આસ્થાની ડૂબકી લગાવી.
4) NCBએ નવી મુંબઈમાંથી 200 કરોડ રૂપિયાનો માદક પદાર્થ કબજે કર્યો.
5) બૅન્કિંગ છેતરપિંડીથી બચવા રિઝર્વ બૅન્ક ભારતીય બૅન્કો માટે એક વિશેષ ઈન્ટરનેટ ડૉમેઈન લાગુ કરશે.

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# INDIA SOLAR POWER

ભારતે 100 ગીગાવૉટ સ્થાપિત અને ઊર્જા ક્ષમતાને પાર કરી ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. આનાથી અક્ષય ઊર્જામાં વિશ્વમાં અગ્રણી તરીકેની દેશની સ્થિતિ મજબૂત બની છે. નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયે જણાવ્યું કે, આ સિદ્ધિ સ્વચ્છ અને હરિયાળા ભવિષ્ય પ્રત્યે દેશની પ્રતિબદ્ધતાનું પરિણામ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 2030 સુધી 500 ગીગાવૉટ બિનઅશ્મિભૂત ઈંધણ આધારિત ઊર્જા ક્ષમતાના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકને સાકાર કરવાની દિશામાં આ મહત્વનું પગલું છે.

નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રી પ્રહલાદ જોષીએ કહ્યું, “ગત 10 વર્ષમાં દેશની ઊર્જા યાત્રા ઐતિહાસિક અને પ્રેરણાદાયી રહી છે.” તેમણે સૌર પૅનલ, સૌર પાર્ક અને રૂફટૉપ સૌર પરિયોજનાઓ જેવી પહેલના કારણે ક્રાંતિકારી પરિવર્તન આવ્યા હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. શ્રી જોષીએ ઉંમેર્યું, “ભારત આત્મનિર્ભર બનવાની સાથે વિશ્વને ગ્રીન એનર્જી ક્ષેત્રમાં એક નવો માર્ગ પણ બતાવી રહ્યું છે.”

# LS TB

સરકારે આજે જણાવ્યું કે, 100 દિવસના ક્ષયમુક્ત ભારત અભિયાન દરમિયાન એક લાખ 59 હજારથી વધુ દર્દી મળ્યા છે. ગયા વર્ષે 7 ડિસેમ્બરથી શરૂ થયેલી આ ઝૂંબેશ અંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે લોકસભામાં એક લેખિત જવાબમાં આ માહિતી આપી.

શ્રીમતી પટેલે ઉમેર્યું, આ અભિયાન અંતર્ગત આ મહિનાની પહેલી તારીખ સુધી સમગ્ર દેશમાં નિક્ષય સેવા શરૂ કરવામાં આવી. તેમજ 5 કરોડ 64 લાખથી વધુ શંકાસ્પદ લોકોની તપાસ કરવામાં આવી. તેમણે કહ્યું, આ સમયગાળા દરમિયાન 86 હજારથી વધુ નિક્ષય મિત્રોની નોંધણી પણ કરવામાં આવી છે.

# PM FRANCE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારથી ત્રણ દિવસ ફ્રાન્સના પ્રવાસે જશે . દરમિયાન શ્રી મોદી ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોં સાથે પેરિસમાં કૃત્રિમ -બુદ્ધિમત્તાA.I. સમિટની સહવિદેશ સચિવ વિક્રમ મિસરીએ આજે .અધ્યક્ષતા કરશે- .નવી દિલ્હીમાં આ અંગે માહિતી આપીતેમણે કહ્યું, પ્રધાનમંત્રી આ મહિનાની અને 12 તારીખે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ સાથે દ્વિપક્ષી બેઠક કરવા અમેરિકાની 13 .પણ પ્રવાસે જશે

# DELHI ELECTION COUNTING

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે આવતીકાલે યોજાનારી મતગણતરી માટે તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારી આર એલિસ વાઝે ગઈકાલે જણાવ્યું કે, 70 વિધાનસભા મતવિસ્તારોના ફોર્મ 17C સહિત ચૂંટણી દસ્તાવેજોની ચકાસણી પૂર્ણ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, તપાસ દરમિયાન ચૂંટણી પંચના કેન્દ્રીય નિરીક્ષક, ઉમેદવારો અને તેમના એજન્ટો તેમજ ચૂંટણી અધિકારીઓ હાજર હતા.

તેમણે કહ્યું કે, ચકાસણી પ્રક્રિયા દરમિયાન કોઈ ઉમેદવારે કોઈ ફરિયાદ કરી નથી. ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો-ઇવીએમને કમિશન અને પોલીસ અધિકારીઓની કડક દેખરેખ હેઠળ સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવ્યા છે. મત ગણતરી માટે દિલ્હીના 11 જિલ્લાઓમાં 19 કેન્દ્રો બનાવવામાં આવ્યા છે.

શ્રીમતી વાઝે જણાવ્યું કે, ગણતરીના કાર્ય માટે ગણતરી સુપરવાઇઝર, ગણતરી સહાયકો, સૂક્ષ્મ નિરીક્ષકો, ડેટા કર્મચારીઓ અને અન્ય સ્ટાફ સહિત લગભગ 12 હજાર કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે અને તેમને ગણતરી પ્રક્રિયા માટે તાલીમ આપવામાં આવી છે.

# LS BUDGET DISCUSSION

લોકસભામાં આજે સામાન્ય અંદાજપત્ર પર ચર્ચા થઈ. ચર્ચાની શરૂઆત કરતા કૉંગ્રેસના ધર્મવીર ગાંધીએ કેન્દ્રીય અંદાજપત્ર દેશ સામે વર્તમાન કૃષિ પડકારોના સમાધાન કરવામાં નિષ્ફળ રહ્યું હોવાનો આક્ષેપ લગાવ્યો. તેમણે ખેડૂતોના આપઘાતનો મુદ્દો પણ ઉઠાવ્યો. સમાજવાદી પાર્ટીના શિવપાલ સિંહે અંદાજપત્રની ટીકા કરી. તેમણે દેશમાં ખાતરની કિંમતનો પણ મુદ્દો ઉઠાવ્યો હતો.

આ તરફ ભાજપના રાવ રાજેન્દ્ર સિંહે કેન્દ્રીય અંદાજપત્રની પ્રશંસા કરતા કહ્યું, અંદાજપત્રમાં ગરીબ, ખેડૂતો અને મહિલાઓના હિતને ધ્યાનમાં રખાયા છે. તેમણે સરકારે ખેડૂતોના લાભ પર ધ્યાન કેન્દ્રીત કર્યું હોવાનું પણ જણાવ્યું હતું.

# MAHAKUMBH

## હવે મહાકુંભના સમાચાર

## (ઓપનિંગ મહાકુંભ મ્યૂઝિક)

મહાકુંભના ત્રિવેણી સંગમમાં અત્યાર સુધી 40 કરોડથી વધુ શ્રદ્ધાળુએ આસ્થાની ડૂબકી લગાવી છે. પ્રયાગરાજમાં મકરસંક્રાંતિ, મૌની અમાસ અને વસંત પંચમી પર ત્રણ અમૃત સ્નાન પછી પણ શ્રદ્ધાળુઓનો ઉત્સાહ યથાવત્ છે. ઉત્તરપ્રદેશ સરકારને આ વખતે ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાની સંખ્યા 50 કરોડથી ઉપર પહોંચવાની શક્યતા છે.

આકાશવાણીનાં મહાનિદેશક ડૉક્ટર પ્રજ્ઞા પાલીવાલ ગૌડે આજે મહાકુંભમાં આકાશવાણીના કેમ્પ કાર્યાલયની મુલાકાત લીધી.

આ તરફ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ ત્રિવેણી સંગમ ખાતે આજે પવિત્ર સ્નાન કર્યું. તેમણે ગુજરાત પેવેલિયનની મુલાકાત લઈ યાત્રાળુઓ માટે કરાયેલી વ્યવસ્થાઓની પ્રશંસા કરી હતી.

**(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી, ગુજરાત)**

## (ક્લોઝિંગ મહાકુંભ મ્યૂઝિક)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

Upload National Evening News 07-02-2025 at 7.50-8.00pm-9

# MUMBAI NCB RAID

NCB- નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોએ નવી મુંબઈમાં દરોડા પાડી 200 કરોડ રૂપિયાનો માદક પદાર્થ જપ્ત કર્યો છે. આ મામલે ચાર લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે.

પ્રાથમિક માહિતી મુજબ, આ માદક પદાર્થ સાથે જોડાયેલા લોકોના તાર વિદેશ સાથે સંકળાયેલા હોવાનું અનુમાન છે. આ પહેલા મુંબઈ પોલીસે 31 જાન્યુઆરીએ પણ દરોડા પાડી માદક પદાર્થનો મોટો જથ્થો પકડી પાડ્યો હતો.

# RBI MONETARY POLICY

ભારતીય રિઝર્વ બૅન્કે અંદાજે પાંચ વર્ષ બાદ નીતિ સંબંધિત રૅપો રેટમાં 25 બેસીઝ પૉઈન્ટનો ઘટાડો કર્યો છે. તેમજ રૅપો રેટને સાડા 6 ટકાથી ઘટાડીને સવા 6 ટકા કર્યો છે. રૅપો રેટ એ વ્યાજ દર છે, જેની ઉપર ભારતમાં વાણિજ્યિક બૅન્ક રિઝર્વ બૅન્ક પાસેથી નાણાં ઉછીનાં લે છે. રિઝર્વ બૅન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ નાણાકીય નીતિ સમિતિ- MPCની ત્રણ દિવસની બેઠક બાદ આજે મુંબઈમાં આ અંગેની જાહેરાત કરી.

આ નિર્ણય અંગે તર્ક સમજાવતા શ્રી મલ્હોત્રાએ ઉમેર્યું, મોંઘવારીમાં ઘટાડો આવ્યો છે અને વર્ષ 2025-26 દરમિયાન તેમાં વધુ સુધારો થવાનું અનુમાન છે. ઉપરાંત બૅન્કિંગ છેતરપિંડીથી બચવા શ્રી મલ્હોત્રાએ જાહેરાત કરી કે, રિઝર્વ બૅન્ક ભારતીય બૅન્કો માટે એક વિશેષ ઇન્ટરનેટ ડૉમેઈન- બેન્ક ડૉટ ઇન લાગુ કરશે. આ ડૉમેઈન નામની નોંધણી આ વર્ષે એપ્રિલથી શરૂ થશે. ત્યારબાદ નાણાકીય ક્ષેત્ર માટે ફિન ડૉટ ઇન ડૉમેઈન લાગુ કરાશે.

# LS MORTALITY RATE

સરકારે આજે જણાવ્યું કે, દેશભરમાં માતૃ મૃત્યુદરમાં 83 ટકાનો ઘટાડો આવ્યો છે. જ્યારે ગત 30 વર્ષ દરમિયાન વૈશ્વિક સ્તર પર આમાં 42 ટકાનો ઘટાડો નોંધાયો છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે. પી. નડ્ડાએ લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ મુજબ જણાવ્યું હતું.

શ્રી નડ્ડાએ ઉમેર્યું, આ સમયગાળા દરમિયાન બાળ મૃત્યુદરમાં પણ 69 ટકાનો ઘટાડો આવ્યો છે. જ્યારે વૈશ્વિક સ્તર પર આમાં 55 ટકાનો ઘટાડો થયો છે. શ્રી નડ્ડાએ આનો શ્રેય સમગ્ર દેશમાં માતૃ અને બાળ સ્વાસ્થ્ય પરિણામમાં સુધારા માટે સરકાર દ્વારા કરાયેલી વિવિધ પહેલ અને ઉપાયને આપ્યો હતો.

# LS DISINVESTMENT

સરકારે કહ્યું, તેમણે ભારતચીન સરહદ પર શાંતિ પુનઃસ્થાપિત કરવા - વિદેશ રાજ્યમંત્રી .માટે રાજદ્વારી અને સૈન્ય બંને માધ્યમનો ઉપયોગ કર્યો છે કીર્તિવર્ધન સિંહે લોકસભામાં એક લેખિત જવાબમાં કહ્યું, “ભારત અને ચીન ગત વર્ષે ચીન સરહ-ઑક્ટોબરે ડેસ્પાંગ અને ડેમચોકમાં ભારત 21દી વિસ્તારમાં વાસ્તવિક નિયંત્રણ રેખા-LAC પર પેટ્રોલીંગ વ્યવસ્થા મામલે એક સમજૂતી પર પહોંચ્યા હતા.” શ્રી સિંહે ઉમેર્યું, “આ સમજૂતીથી તણાવવાળા કેન્દ્રો પરથી સૈનિકો પરત આવ્યા છે .આ સમજૂતીનું પાલન પરસ્પર સંમતિ મુજબ પદ્ધતિઓ અને સમયરેખા મુજબ કરવામાં આવે છે.”

# FARIDABAD SURAJKUND

હરિયાણાના ફરિદાબાદમાં આજે કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે ૩૮મા સૂરજકુંડ આંતર-રાષ્ટ્રીય શિલ્પ મેળાનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી શેખાવતે કહ્યું, આજે મહાકુંભ અને આ મેળા એમ બે મોટા ઐતિહાસિક આયોજનના માધ્યમથી ભારત વિશ્વનું ધ્યાન પોતાની તરફ આકર્ષી રહ્યું છે.

શ્રી શેખાવતે ઉમેર્યું, શિલ્પકારો અને કારીગરોની જૂની પરંપરાને દર્શાવતું આ મોટું મંચ છે. આ મેળો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના એક ભારત શ્રેષ્ઠ ભારતના સ્વપ્નને ચરિતાર્થ કરવાનું કામ કરી રહ્યો છે.

**(બાઈટઃ ગજેન્દ્રસિંહ શેખાવત, કેન્દ્રીય મંત્રી)**